# ભરૂચના ક્રાંતિવીર ચંદ્રશંકર ભટ્ટ

પ્રા.પ્રદ્યુમનસિંહ જી. મહીડા
ઈતિહાસ વિભાગ
સરકારી વિનયન કોલેજ,ઝઘડીયા

સમગ્ર દેશનાં સ્વાતંત્ર્યસંગ્રામમાં ગુજરાતનો ફાળો અમુલ્ય રહ્યો છે. તેવી જ રીતે માં ભોમની આઝાદી માટેની ચળવળમાં ગુજરાતના ભરૂચ જિલ્લાનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. વડોદરામાં અરવિંદ ઘોષ અને બારીન્દ્ર ઘોષની દોરવણી નીચે છોટુભાઈ પુરાણી, અંબુભાઈ પુરાણી, ડૉ. ચંદુલાલ દેસાઈ, ચંદ્રશંકર ભટ્ટ અને બાપાલાલ વૈદ્ય વગેરે યુવાનોનું જે ક્રાંતિકારી જૂથ રચાયું તેણે ભરૂચ જીલ્લાને જાગૃત કરી ક્રાંતિનો શંખ ફૂંકવાની શરૂઆત કરી હતી. ભરૂચમાં અંગ્રેજ શાસન સામે ઝઝૂમનાર અને વખત આવે ભૂગર્ભમાં રહી ક્રાંતિકારીનું કામ કરનાર ચંદ્રશંકર ભટ્ટ હતા. બોમ્બ બનાવી ફોડનાર,રિવોલ્વરને રમકડાની જેમ રમાડનાર, પોલીસને પરેશાન કરી ભગાડનાર,પોલીસ ચોકીને લુંટી લઈ બંદુકો પડાવી લઈ નાસી છૂટનાર, ચાલતી ટ્રેન રોકીને લુંટનાર અને અંગ્રેજ સરકારે જેના માથા પર રૂપિયા પચીસ હજારનું ઇનામ રાખ્યું હતું. તે નરબંકા ક્રાંતિવીર ચંદ્રશંકર ભટ્ટ હતા.

ક્રાંતિકારી ચંદ્રશંકર ભટ્ટનો જન્મ માતા કાશીબાના કુખે તા.૩-૯-૧૮૯૮નાં રોજ પોતાના મોસાળમાં ભરૂચ જિલ્લાના આમોદમાં થયો હતો. તેમના પિતા મણિશંકર અમદાવાદ તાલુકાના દસક્રોઇ વિભાગના પસુંજ ગામના વતની હતો. તેમના પિતા અને દાદા ગૌરીશંકર ભટ્ટ વડોદરા રાજ્યના મોજણીદાર હતા. વડોદરા રાજયમાં અને બહાર તેમના કુટુંબની શાખ હતી.ચંદ્રશંકરનું પ્રાથમિક શિક્ષણ થોડુંક એમના વતન પસુંજમાં અને બાકીનું આજુબાજુના ગામડાઓમાં ચાલ્યું. તેમના પિતાની નોકરીના લીધે આમ બનેલું. હાઈસ્કુલનું શિક્ષણ તેમને વ્યવસ્થિત રીતે વડોદરામાં મળ્યું હતું.

આ સમય ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિનો હતો.ઈ.સ.૧૯૦૫ની સાલમાં બંગભંગની ચળવળ શરૂ થયેલી અને તેના પડઘા દેશભરમાં પડેલા.ગુજરાત આમાંથી બાકાત રહ્યું નહોતું.ઈ.સ.૧૯૧૭માં ગોધરામાં ગુજરાત રાજકીય પરિષદનું અધિવેશન મળ્યું હતું ત્યારે ગાંધીજી અને લોકમાન્ય તિલક જેવા રાષ્ટ્રીય નેતાઓ પધારેલા. એમના દર્શન કરવા વડોદરાથી ચંદ્રશંકર અને તેમના મિત્ર નારાયણ ઠેઠ ગોધરા સુધી ગયેલા.આ લોક્નેતાઓના પ્રત્યક્ષ દર્શન એ ચંદ્રશંકરને મળેલી દેશભક્તિની પ્રથમ દીક્ષા હતી.

આ સમયે વડોદરાનું વાતાવરણ રાષ્ટ્રીયતાના નવા જોમથી ધબકતું હતું.કોલેજના પ્રાધ્યાપક મહર્ષિ અરવિંદ ઘોષના સાનિધ્યે યુવાનોમાં રાષ્ટ્રસેવાનો ઉમંગ પ્રગટ્યો

હતો.તેમાંથી જે નરરત્નો ઝળહળી ઉઠ્યા તેમાં શ્રી છોટુભાઈ પુરાણી, શ્રી અંબુભાઈ પુરાણી અને ચંદ્રશંકર ભટ્ટ હતા. પુરુષ અધ્યાપન મંદિરના શિક્ષક શ્રી છોટુભાઈ પુરાણી,તેમના ભાઈ અંબુભાઈ પુરાણી અને અન્ય આઠેક મિત્રોએ મળી તા.૧/૫/૧૯૦૯ન રોજ બાજવાડામાં વ્યાયામ શાળા સ્થાપીને વ્યાયામ પ્રવૃત્તિ શરૂ કરી.ચંદ્રશંકર ભટ્ટ પણ આ મંડળીમાં જતા. દેશસેવા કરવા તત્પર થયેલા ચંદ્રશંકર ભટ્ટ વ્યાયામ પ્રવૃત્તિ સાથે ચર્ચા સભાઓ, રવિવારનો પગપાળા પ્રવાસ, શનિવારે રાષ્ટ્રીય સાહિત્યનુ વાચન તથા ‘ ગુજરાત સેવા મંડળ’નાં આદેશને અનુસરવું વગેરેમાં પ્રવૃત બન્યા અને મેટ્રિકના અભ્યાસનો ત્યાગ કરી માત્ર રાષ્ટ્રસેવા અને રાષ્ટ્રીય અંદોલનમાં સક્રિય બન્યાં હતા.

ગાંધીજીના ભારત આગમન બાદ મહાત્મા ગાંધીજીની વિચારધારાથી પ્રભાવિત થયેલા ચંદ્રશંકર ભટ્ટને ગાંધીજીને અનુસરીયા. આ સમયે ગાંધીજીએ ગ્રામોદ્ધારની યોજના બનાવી અને દેશસેવકોને ગામડાની સેવા કરવાની હાકલ કરી હતી.પુરાણી બંધુઓની સાથે ચંદ્રશંકરે પણ આ હાકલ ઉપાડી લીધી અને ઈ.સ. ૧૯૧૭માં ભરૂચ જિલ્લાના હાંસોટ અને સજોદ ગામોને આદર્શ ગામ બનવાની યોજના ઘડી કાઢી.પુરાણી ભાઈઓ,દિનકર પંડયા,રતુપ્રસાદ ભટ્ટ બાપાલાલ વૈદ્ય અને ચંદ્રશંકર ભટ્ટે હાંસોટમાં “ ગુજરાત સેવા મંડળ” ની સ્થાપના કરી. ઈ.સ.૧૯૧૭માં ચંદ્રશંકર ભટ્ટે ગ્રામસેવામાં ઉપયોગી થવાય એ હેતુથી મુંબઈમાં વેટરનરી (પશુ ચિકિત્સા)નો અભ્યાસ શરૂ કરેલો પરંતુ તબિયત બગડતા વડોદરા પાછા આવ્યા અને ગુજરાત સેવા મંડળ’નાં આદેશને અનુસરી સજોદમાં સ્થિર થયા. ઈ.સ. ૧૯૨૮માં ડૉ.પ્રાણજીવનદાસ મહેતાએ ચંદ્રશંકરભટ્ટને ગુજરાતીઓ માટે લગભગ મુશ્કિલ ગણાતી વિમાન ચાલકની તાલીમ લેવાની સલાહ આપી.એથી તેઓ કરાંચી પહોંચ્યા હતા.તેમને ત્યાં એમેચ્યોર લાઇસન્સનું સર્ટિફિકેટ મળ્યું.અને તેઓ “બી” સર્ટિફિકેટ મેળવવાનું વિચારતા હતા. ત્યાં ઈ.સ.૧૯૩૦નાં ઓકટોબરમાં જંબુસરથી છોટુભાઈ પુરાણીનો તાર આવ્યો. “ ગુજરાત પાછા ફરો તમારી ખાસ જરૂર છે” અને ચંદ્રશંકર ભટ્ટ સીધા માસર રોડ સ્ટેશન આવી છોટુભાઈ પુરાણીને મળ્યા.

નાકરની લડત સારું થઈ ચુકી હતી. બારડોલી સત્યાગ્રહની માફક લોકો ઘરબાર છોડી ખેતરોમાં નવા વસવાટ બાંધી રહેવા લાગ્યા. ચંદ્રશંકર ભટ્ટ અને છોટુભાઈ પુરાણી ભરૂચ જિલ્લાના ગામડાઓમાં ફરી સરકાર સામે બહારવટ્ટું પોકાર્યું. સરકારે છોટુભાઈ અને ચંદ્રશંકરનાં નામનું ૬ જાન્યુઆરી ૧૯૩૨મા ધરપકડનું વોરંટ કાઢ્યું પરંતુ તેઓ હાથ આવ્યા જ નહિ. સરકારે છોટુભાઈ પુરાણીના નામે અઢી હજારનુંઅને ચંદ્રશંકર માટે બે હજારનું ઇનામની સરકારે જાહેરાત કરી.નાકરની લડતમાં સરકારે ઘણા ખેડૂતોની જમીન આંચકી લીધી હતી.એથી ઘણા કુટુંબો નિરાધાર બન્યાં હતાં.એ વેળાએ ચંદ્રશંકરે પોતાને મળતું વીમા કંપની કમીશન એકઠું કરી. સાડા સાતસોનું આનાજ ખરીદીને ગામલોકોને વહેંચી આપ્યું હતું. એક લગ્નપ્રસંગમાં છોટુભાઈ પુરાણીની ધરપકડ થતા બધી જવાબદારી ચંદ્રશંકર ભટ્ટના માથે આવી પડી. રાત્રે

ગામલોકોને એકઠા કરીને સભા યોજી અને રાતોરાત માઈલો સુધી ચાલી બીજે ઠેકાણે ચાલ્યા જતા. મહી નદીના  કોતરોમાં અનેક યાતનાઓ ભોગવતા તેમણે ચાર વર્ષનો અજ્ઞાતવાસ ભોગવ્યો. અને તે દરમિયાન કપરી હાલતમાં દિવસો વિતાવ્યા.

તા.૧૭મી ઓકટોબર ૧૯૪૦ નાં રોજથી શરૂ થયેલી વ્યક્તિગત સત્યાગ્રહની લડત પુરજોશમાં ચાલી. ભરૂચમાંથી છવ્વીસ વ્યક્તિઓ જોડાયા.તેમાં પણ ચંદ્રશંકર ભટ્ટ અગ્રણી રહ્યા હતા અને તેમને ધરપકડ કરી થાણા જેલમાં વીસ દિવસ મોકલી આપ્યાં હતા.

છોટુભાઈ પુરાણી,ચંદ્રશંકર ભટ્ટ તથા અન્ય બીજા મિત્રોઓ મળી ઈ.સ.૧૯૪૨માં આઝાદ હિંદ સેનાની સ્થાપના કરી. આ સેના તરફથી શરૂઆતમાં 'ઇન્કલાબ' અને પછીથી 'રાજદ્રોહ' નામની પત્રિકા બહાર પાડવામાં આવતી.આ સેનાનાં ભરૂચ,વડોદરા ઉપરાંત મુંબઈ,કલકતા અને અમદાવાદમાં જેવા શહેરોમાં મથકો હતા.સરકાર સામે બહારવટે ચડેલા આ ભડવીરોએ પોલીસ થાણા ભાંગી હથિયાર મેળવવાની યોજના બનાવી. સૌપ્રથમ આ સેનાની ટુકડીએ જંબુસર તાલુકાનું વેડચ પોલીસસ્ટેશનને નિશાન બનાવ્યું હતું.તા.૨૧ સપ્ટેમ્બર ૧૯૪૨નાં રોજ ધોળે દિવસે,બપોરેનાંત્રણ વાગ્યે,ભર બજાર પર મેડા પર આવેલી પોલીસ ચોકી પર  ત્રાટકી પડી અને લોહીનું એકપણ ટીપુંય પાડયા વગર પોલીસોની બંદુકો પડાવી લીધીઅને મહી કાંઠાના કોતરોમાં ઊતરી પડી. ત્યારબાદ સરભાણનું પોલીસથાણું લુંટીને આઠ રાયફલો લઈ લીધી.પોલીસને પકડી તેમના કપડાની હોળી કરવામાં આવી.ઝપાઝપીમાં એક પોલીસનું અવશાન થયું હતું. આ વાતથી ચંદ્રશંકર ભટ્ટનાં હૈયું કકળી ઉઠયું. તેમણે ગાંધીજીને પત્ર લખી આ અજાણતા થયેલા ખૂનના ગુનાની વાત ટાંકી કહ્યું કે " આ પ્રસંગ હિંસાનો કહેવાય કે નહિં? ગાંધીજી આ વખતે પંચગીનીમાં હતા.તેમણે જણાવ્યું કે " હિંસા –અહિંસાની મીમાંસામાં અત્યારે ન પડીએ. અત્યારે તો ભગવાન જેને જે સુઝાડે તે કરી છૂટીએ."બાપુના આ શબ્દોથી ચંદ્રશંકરનાં હૈયા પરથી મોટો બોજ દુર થયો.

છોટુભાઈ અને ચંદ્રશંકર ભટ્ટને સમાચાર સાંપડયા કે સરભાણમાં સરકારી અનાજનું ગોડાઉન છે.આજુબાજુનાં ગામડાંમાંથી એકઠું કરેલું અનાજને ભરૂચ જીલ્લા બહાર મોકલી દેવાની સરકાર આયોજન કરી રહી છે.ચંદ્રશંકર,છોટુભાઈ પુરાણી અને અન્ય પંદર સત્તર યુવાનોની ટુકડી સરભાણ પહોચી અને સૌપ્રથમ સરકારી દુકાનના તોડીને તેમાંથી કેરોસીનનાં ડબ્બા કાઢ્યા અને ત્યારબાદ ગોડાઉનમાં રહેલા ચારસોકળશી અનાજને કેરોસીન છાંટી સળગાવી દીધું. સરકારે તાબડતોડ બોલાવેલા લશ્કરે આખા ગામને ઘેરી લીધું.ગોડાઉન બાળવાનો દસ હજાર અને પોલીસ ચોકી પર હુમલો કરવા માટે વીસ હજારનો સામુહિક દંડ ગામલોકો પર નાખવામાં આવ્યો. પરંતુ ગામલોકોએ જરાય મચક આપી નહિ અને ક્રાંતિકારીની માહિતી આપી નહિ.

ત્યારબાદ આ ટુકડીએ પંચમહાલ જિલ્લાના અંબાલી ગામનાં પોલીસ થાણા માંથી રાયફલ અને બંદુકનાં કારતુસ ઉઠાવી લીધા હતાં.

ચંદ્રશંકર ભટ્ટ અને તેમની ટુકડીનાં આશ્રયસ્થાન મહી કાંઠાના વેરાન કોતરો હતા. જ્યાં તેમણે ભયાનક યાતનાઓ સહન કરવી પડી હતી. આ સમય દરમ્યાન તેમની સાથે મેઘજી બહારવટિયો હતો. જે જેલમાં છોટુભાઈ પુરાણીનો મિત્ર બન્યો હતો અને જેલમાં મુક્ત થયા પછી ચંદ્રશંકર ભટ્ટ સાથે ક્રાંતિકારી પ્રવૃત્તિમાં જોડાયો હતો. મેઘજીની મદદથી માપબંધીનું અનાજ લઈને જતી હોડીને ફરજ પાડી ઊભી રાખવી અને પૈસા આપી જરૂરી ગુણો ઉતરાવી લેતા.આમ તેમણે ચાર વર્ષનો અજ્ઞાતવાસ વ્યતિત કર્યો હતો.

ઈ.સ.૧૯૪૩ની સાલમાં ક્રાંતિકારીઓને નાણાની જરૂર પડી. એ વખતે સરકારી નોકરોને ચુકવતા પગારની રકમ ટ્રેન મારફતે વિરમગામથી મોકલવામાં આવતી. ચંદ્રશંકરનો ટોળીએ ભાવનગરથી આગળ લીલાપુર સ્ટેસને ટ્રેન રોકવાનું નક્કી કર્યું. આયોજનબદ્ધ અને આગાઉ એ રસ્તા પર પ્રવાસ કરી બધી ગોઠવણ કરી લીધી અને અમાસને અંધારી રાતે ચંદ્રશંકર,જસવંત મહેતા, સરભાણનાં વિઠ્ઠલભાઈ દરબાર વગેરે પંદરેક વ્યક્તિઓની ટોળી ટ્રેનમાં બેઠી હતી. લીલાપુર છોડી ટ્રેન આગળ વધી એટલે નક્કી કર્યા પ્રમાણે ચંદ્રશંકર ભટ્ટે ટ્રેન માંથી છલાંગ મારી બહાર આવી રિવોલ્વરનો ધડાકો કર્યો.અને આર.એમ.એસના ડબ્બા મઠો ચીલ ઝડપે સાઠેક હજારની નોટોના બંડલો ઉઠાવી માત્ર અડધા કલાકમાં બધું કામ પતાવીને અંધારામાં ગાયબ થઈ ગયા. સવાર સુધી ચાલીમાં ૪૫ માઈલ દુર પહોંચી ગયા. ત્યાંથી બધા છુટા પડયા.ચંદ્રશંકર ભટ્ટ ચાલતા સરખેજ પહોચ્યા અને આખો દિવસ તલાવડીના કિનારે આરામ કર્યો. રાત્રે નવાપુર થી અમદાવાદ આવ્યા. અને ખાડિયામાં રહેતા એમના મિત્ર કૃષ્ણલાલ દેસાઈને આ રકમ વગે કરવા આપી. આ હૈરતભરી લુંટ ગુજરાતની ભૂગર્ભ પ્રવૃતિના ઈતિહાસ અજોડ ઘટના છે.પરંતુ ભારતના સ્વાતંત્ર્ય ઈતિહાસમાં તેનો ઉલ્લેખ સુદ્ધા નથી.આ વાત આશ્ચર્યજનક છે.

બોમ્બ બનાવવાની પ્રવૃતિઓ પણ આ ક્રાંતિકારીઓ કરતા હતા.ચંદ્રશંકર ભટ્ટ પણ છોટુભાઈ પુરાણીની બોમ્બની ફોડવાની પ્રવૃતિમાં જોડ્યા હતા. વિશ્વામિત્રી અને જંબુસર વચ્ચે રેલ્વેના પાટા નીચે પ્રેશર બોમ્બ મુકવામાં, વડોદરા કોલેજની દીવાલે ટાઇમ બોમ્બ મુકવામાં, પાદરા પાસે રેલ્વેના પાટા નીચે પ્રેશરબોમ્બ મુકવાની વગેરે ઘટનામાં ચંદ્રશંકર ભટ્ટનું કયાંક ને ક્યાંક યોગદાન છે. પાછળથી ક્રાંતિકારીઓ પર પોલીસની ભીંસ ચારેબાજુથી વધવા લાગી.તેમાંય આઝાદ હિંદ સેનાનું મુંબઈમાં આવેલું દોઢેક લાખને ખર્ચે બંધાયેલું ‘ આઝાદ હિંદ બ્રોડકાસ્ટિંગ રેડિયો સ્ટેશન’ પકડાય ગયું.આવા સંજોગોમાં છોટુભાઈ અને ચંદ્રશંકર ભટ્ટે પૂર્વ ભારતમાં જવાનું વિચાર્યું. તેઓ સૌપ્રથમ કલકતા ત્યારબાદ આસામ થઈને ઇમ્ફાલ સુધી

પહોચ્યા. સરકારે છોટુભાઈ પુરાણી અને ચંદ્રશંકર ભટ્ટના માથા સાથેની રકમ વધારીને પચીસ હજાર કરી હતી.તો પણ તેમનો પત્તો લાગતો ન હતો.અંતે તા.૩/૪/૧૯૪૬ન રોજ મુંબઈ રાજયમાં બાળાસાહેબ ખેરની વડાપ્રધાન પડે પ્રજાશાસનનો આરંભ થતાં, છોટુભાઈ, ચંદ્રશંકર આદિ ક્રાંતિકારીઓ સામેના વોરંટ રદ થયાં.આથી તેઓ તા.૨૦/૪/૧૯૪૬નાં રોજ જંબુસર તાલુકાના કહાનવા ગમે પ્રગટ થયા.

સમગ્ર જીવન ભારત માતાને ગુલામીની ઝંઝીરો માંથી મુક્ત કરાવવામાં કાઢનાર ચંદ્રશંકર ભટ્ટે અંગત સુખ કે સલામતીનો વિચાર કર્યો નથી. દેશસેવા કરવી હોય તો સંસારી જીવનનો બોજો માથે લેવો જોયે નહિ એવું માનનાર ચંદ્રશંકર ભટ્ટ અપરણિત જ રહ્યાં. ૧૯૩૦ થી ૧૯૪૫ સુધી તેઓ ભરૂચ જિલ્લાના કોંગ્રેસ સમિતિના મંત્રી અને પ્રમુખ તરીકે રહયા.૧૯૫૨ થી ૧૯૬૨ સુધી સંસદના સભ્ય તરીકે અને ૧૯૬૨ થી ૧૯૭૧ સુધી ગુજરાત વિધાન સભાના સભ્ય રહયા હતા.

આ ઉપરાંત ચંદ્રશંકરભાઈ ભરૂચ જીલ્લાની સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયા હતાં.ભરૂચ નવજીવન ટ્રસ્ટનાં ટ્રસ્ટી અને પ્રમુખ રહીને નવજીવન વિદ્યાલયની સ્થાપના કરી.ભરૂચની સેવાશ્રમ હોસ્પિટલ અને વ્યાયામ પ્રચારક મંડળ સાથે જોડાય અનેકવિધ વિકાસની કામગીરી કરી હતી.ગાંધીજીનાં માર્ગે ચાલી ગ્રામોદ્ધાર,નદીના રેલ સંકટ સમયની કામગીરી,ખેડે એની જમીન એ ગણોતધારાની આડઅસરમાં અનેક ખેડૂતો બેકાર બન્યાં હતા ત્યારે તેમણે બજાવેલી સેવાઓ અવિસ્મરણીય છે. ૮૧ વર્ષનું તંદુરસ્ત જીવન વ્યતિત કરી અંત સુધી જનસેવાનાં કાર્યોમાં રત રહી તા.૩૧/૧૨/૧૯૭૯નાં રોજ તેઓએ ચીર વિદાય લીધી હતી.

**આધાર લીધેલા સંદર્ભો:**


**(૧) ભટ્ટ ચંદ્રશંકર મ.,સં. શાહ વિનોદચંદ્ર, સ્વરાજક્રાંતિની સુવર્ણ ગાથા, સ્વ. ચંદ્રશંકર ભટ્ટગ્રંથ પ્રકાશન સમિતિ, અમદાવાદ,૧૯૯૨**

**(૨) સં.પંડયા પ્રશાંત-ઉપેન્દ્ર બી, ભરૂચના જ્યોતિર્ધરો,શ્રી છોટુભાઈ પુરાણી જન્મ શતાબ્દી ગ્રંથ,ભરૂચ,૧૯૮૫**

**(૩) સં.ત્રિવેદી મહેન્દ્ર રે, ગુજરાત સર્વ સંગ્રહ-ભરૂચ જિલ્લો, ગુજરાત રાજય જીલ્લા સર્વસંગ્રહ,૧૯૯૧-૯૨**

**(૪) પંડયા વિષ્ણુ, ગુજરાતમાં સશસ્ત્ર સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ,(૧૮૫૭ થી ૧૯૪૫),ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગર,પ્રથમ આવૃત્તિ,૧૯૯૩**

**(૫) શાહ પ્રવિણકાંત મો, પુરાણી બંધુઓની ક્રાંતિકારી વ્યાયામ પ્રવૃત્તિ, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ,રાજપીપળા,પ્રથમ આવૃત્તિ,૨૦૦૨**

(૬) ભટ્ટ ચંદ્રશંકર મ., ૧૯૪૨ની ક્રાંતિના સંસ્મરણો, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા,પ્રથમ આવૃત્તિ,૧૯૭૪

(૭) પ્રા. પટેલ મંગુભાઈ રા, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ,યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,૧૯૭૩

(૮) શુકલ ડૉ. જયકુમાર ર., ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકો, માહિતી કોશ,

(૯) વાળંદ ડૉ. નરોત્તમભાઈ, ક્રાંતિવીર છોટુભાઈ પુરાણી, શ્રી છોટુભાઈ પુરાણી જન્મ શતાબ્દી સમિતિ,શ્રી બટુકનાથ વ્યાયામશાળા,ભરૂચ,પ્રથમ આવૃત્તિ,૧૯૮૪

(૧૦) સં. ત્રિવેદી બિપીનચંદ્ર ર. અને જોશી કશ્યપ, ' સેવાશ્રમના શિલ્પીઓ', સેવાશ્રમ ટ્રસ્ટ,ભરૂચ,પ્રથમ આવૃત્તિ,૧૯૯૫

(૧૧) રાજગોર ડૉ. શિવપ્રસાદ, ' ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ',યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ,તૃતીય આવૃત્તિ,૨૦૧૨

(૧૨) સંદેશ વર્તમાન પત્ર,તા:૧૭/૦૮/૨૦૧૦ મંગળવાર, ' હિંદ છોડો લડતમાં ભરૂચના વીર નરબંકાઓનો ફાળો લેખ પાનનં-૧૨